જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૧/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૭૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૫૧/૨૦૨૫**

વેજલપુરઃ શંકરકુમાર કિષ્નચંદ્ર પાલ (ઉ.વ.૮૩) (રહે. સ્મરણ અપાર્ટમેન્ટ બકેરી સીટી વેજલપુર) એ તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૫ થી તા.૨૮/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ શંકરકુમાર પાલના બેંક ખાતામાંથી ઈટરનેટના માધ્યમથી રૂપિયા ૨,૮૧,૦૦૦/– ટ્રાન્સફર કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૬૫૨/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ મનીષાબહેન વા/ઓ પ્રજ્ઞેશભાઈ પંચાલ (ઉ.વ.૫૫) (રહે. ઋષીકેશ બંગલોઝ ભગીરથ બંગલોઝની બાજુમાં ઘોડાસર) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૧/૨૦૨૫ સાંજના ૦૫/૧૦ થી ૦૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.પી.રીંગ રોડ કે.ડી હોસ્પીટલ ની પાછળ ચંચળબા પાર્ટી પ્લોટ ખાતે સોફા ઉપરથી ચીજવસ્તુ ભરેલ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૧૨,૫૦૦/–, રોકડ રૂપિયા ૨૨,૨૦૦/– તેમજ મોબાઈલ ફોન નંગ–૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૩૪,૭૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મીસ્ત્રી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૫૩/૨૦૨૫**

બાપુનગરઃ દિપકભાઈ બળદેવજી મકવાણા (ઉ.વ.૨૫) (રહે. રાઘારમણના ફલેટ અનીલ મીલ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ચૌધરી ચલાવે છે.

વટવાઃ કિરણકુમાર સ/ઓ રમેશભાઈ ચાવડા (ઉ.વ.૨૬) (રહે. ઓમશાંતિનગર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી